ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૨ ડીગ્રી
લઘુતમ : ૧૨.૩ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૪૪ ટકા

# વેલેન્ટાઈન વીક : શહેરમાં ગીફ્ટની ભરમાર

## ગુલાબ, ચોકલેટ, ટેડિબિયર સહિત વિવિધ ભેટ સોગાદની આપ-લે કરી વેલેન્ટાઈન વીકની ઉજવણી કરતા યુવાઓ





| તારીખ | દિવસ |
|---|---|
| ૭ | રોઝ ડે |
| ૮ | પ્રપોઝ ડે |
| ૯ | ચોકલેટ ડે |
| ૧૦ | ટેડી ડે |
| ૧૧ | પ્રોમિસ ડે |
| ૧૨ | હગ ડે |
| ૧૩ | કિસ ડે |
| ૧૪ | વેલેન્ટાઈન ડે |





ગાંધીનગર, તા.૭

જીવનમાં પ્રેમ ન હોય તો એ જીવન વ્યર્થ છે એ પ્રેમ પછી માતા-પિતાનો હોય, ભાઈ-બહેનનો હોય, મિત્રનો હોય કે પ્રેમી-પ્રેમિકાનો હોય. પ્રેમ વિના જીવન મીઠાશ વગરની જીંદગી સમાન છે. ફેબ્રુઆરીમાં ૭ થી ૧૪ તારીખ સુધી વિવિધ વેલેન્ટાઈન વીકના દિવસોની ઉજવણી કરવામાં આવે છે. જેમાં આ સાતેય દિવસ સુધી અલગ અલગ ગિફટસ આપી પોતાનો પ્રેમ વ્યકત કરવામાં આવે છે તેથી શહેરમાં ગિફટસની શોપમાં વેલેન્ટાઈનની વિવિધ ગીફટસ જોવા મળી રહી છે. જેમાં કપલ મગ, કપલ ડૂમ, ફોટોફ્રેમ, લાઈટીંગવાળું કાર્ડ, ટેડિબિયર, ઘડિયાળનો કોમ્બો પેક, હાર્ટ શેપની વિવિધ ચોકલેટ, ગોલ્ડન રોઝ વિગેરેની માંગ જોવા મળે છે.

સોમવારથી રોઝ ડેની સાથે વેલેન્ટાઈન વીકનો પ્રારંભ થયો છે. આખા સપ્તાહ દરમિયાન પ્રપોઝ ડે, ચોકલેટ ડે, ટેડી ડે, પ્રોમીસ ડે, કીસ ડે, હગ ડે અને વેલેન્ટાઈ ડે સહિતના વિવિધ ડે યુવા હૈયાઓ ઉજવશે. વેલેન્ટાઈન વીકના પ્રથમ દિવસથી જ યુગલો તથા મિત્રોએ પણ તેમના જીગરીજાન મિત્રોને સોશિયલ મીડિયા પર શુભેચ્છા પાઠવતા ફોટા અને મેસેજનો ધોધ વહાવી શુભેચ્છા પાઠવવાનું શરૂ કરી દીધું છે.

પ્રેમની અભિવ્યકિત કરવાનો આમ તો કોઈ ચોકકસ દિવસ નથી હોતો પરંતુ પશ્ચિમી સંસ્કૃતિમાં વેલેન્ટાઈન ડેના દિવસે યુવાઓ પોતાના મનગમતા પાત્ર સમક્ષ પોતાના પ્રેમની અભિવ્યકિત કરે છે. પશ્ચિમી દેશોની સાથે સાથે ભારતમાં પણ વેલેન્ટાઈન ડેની ઉજવણી કરવામાં આવી રહી છે. આજની એકવીસમી સદીમાં હવે ટેકનોલોજીનો ઉપયોગ વધતા પહેલાના સમયની જેમ જુજ લોકો જ પ્રેમપત્ર લખતા હોય છે. હવે મોબાઈલના યુગમાં યુવાઓ મેસેજથી એકબીજાને પોતાના પ્રેમની અભિવ્યકિત કરવા લાગ્યા છે. આ ઉપરાંત વેલેન્ટાઈન વીકને લઈને યુવાવર્ગમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને પોતાના પ્રિય પાત્રને વિવિધ ભેટસોગાદ આપવા માટે ગીફટની દુકાનોમાં ખરીદી કરી રહ્યા છે. જેમાં કાર્ડની માંગ ઓછી થઈ ગઈ છે. માર્કેટમાં ૫૦ રૂપિયાથી ૧૦૦૦ સુધીના કાર્ડ મળે છે. જયારે ૧૦૦ રૂપિયાથી ૧૦,૦૦૦ સુધીની ગીફટ પણ ઉપલબ્ધ છે.

શહેરમાં ગીફટ શોપ ઉપરાંત ફૂટપાથ પર હાર્ટ શેપના ગીફટ, ટેડીબિયર મળી રહ્યા છે. જેમાં નાના નાના કલરીંગ ટેડીથી મોટી સાઈઝના ટેડીનું ફૂટપાથ પર વેપારીઓ વેચાણ કરી રહ્યા છે. ફલાવર શોપમાં પણ ફૂલોની માંગમાં વધારો થયો છે. શહેરની બેકરીઓમાં તથા ચોકલેટની દુકાનોમાં અવનવી હાર્ટ શેપવાળી ચોકલેટોની ડિમાન્ડ વધી છે.

આ વખતે વેલેન્ટાઈન પર આમ તો અનેક ગિફટ ટ્રેન્ડિગમાં છે પરંતુ સૌથી વધારે લવ ટેમ્પરેચર ગીફટ ટ્રેન્ડિંગમાં છે. લવ ટેમ્પરેચર કાચનું એવું ગીફટ છે જેમાં રેડ કલરનું પાણી ભરવામાં આવેલું હોય છે તથા એવું મિકેનિઝમ હોય છે કે નીચેથી પ્રેસ કરવામાં આવે તો ઉપરના ગ્લાસમાં પાણી ભરાય છે જો તમારો પ્રેમ વધારે હશે તો ગ્લાસમાં ઝડપથી પાણી ભરાશે અને જો પ્રેમ કાચો હશે તો ધીમે ધીમે પાણી ભરાશે. પરંતુ આ એક પ્રકારની ગીફટ છે એટલે બે ઘડી રમૂજ માટે અને ગીફટની દૃષ્ટિએ એવું કોઈ મશીન બન્યું નથી જેનાથી માણસના દિલમાં રહેલી લાગણી માપી શકાય. યુવાનો માટે વર્ષમાં સૌથી ફેવરિટ મહિનો હોય તો તે ફેબ્રુઆરી છે.

## જન્મદિને વધામણી



**અર્જુનસિંહ પ્રતાપસિંહ વાઘેલા**
મો. ૯૮૭૯૬ ૧૯૧૫૧



**હર્ષિલ વ્યાસ**
મો. ૯૮૭૯૬ ૧૯૧૫૧



**અનાયા એલ્ડન ક્રિશ્ચિયન**
મો. ૯૮૯૮૩ ૨૮૪૭૦

## આઈટીઆઈ ખાતે ૯મીએ રોજગાર ભરતી મેળો

ગાંધીનગર, તા.૭

ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈટીઆઈ) ગાંધીનગર ખાતે ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જે તારીખ ૯મીએ સવારે ૧૦.૦૦ કલાકે વહીવટી બિલ્ડીંગ એચએસઆઈ રૂમ ખાતે યોજાશે. ઔદ્યોગિક તાલીમ સંસ્થા, સેકટર-૧૫ ખાતે હોન્ડા મોટર્સ વિઠલાપુર, કલ્પતરૂ પાવર ગાંધીનગર, હિટાચિ હાઈરલ ગાંધીનગર વગેરે કંપનીઓને તેમના પ્લાન્ટ માટે આઈટીઆઈ પાસ, ટ્રેડ-ફીટર, ટર્નર, ઈલેકટ્રીશીયન, ઈલેકટ્રોનીકસ, મીકેનીકલ, ઓટોમોબાઈલ, મોટર મિકેનીક, ડીઝલ, મિકેનિકના તાલીમાર્થીઓ માટે નોકરીની તક આપવામાં આવી રહી છે તેથી લાયકાત ધરાવનારા ઉમેદવારોએ આ ભરતી મેળામાં અચૂકથી હાજર રહેવા જણાવાયું છે.

## ઘ-૧ પાસે જીપ ડાલુ ડીવાઈડર સાથે અથડાયું



શહેરના માર્ગો પર સ્પીડ લીમીટ હોવા છતા વાહન ચાલકો બેફામ ગતિએ વાહન હંકારતા નજરે પડે છે. જેથી શહેરના મુખ્ય માર્ગો પર નાના મોટા અકસ્માત સર્જાતા રહે છે. ત્યારે સોમવારના રોજ સવારના સમયે જીપ ડાલા નં. જી.જે.૧૮.એ.એકસ.-૯૨૦૭ ના ચાલકે કાબુ ગુમાવતા ડીવાઈડર તોડીને સેન્ટ્રલવર્જમાં જીપ ડાલુ અથડાયુ હતું. આ અકસ્માતમાં જીપડાલાને આગળના ભાગે નુકશાન થવા પામ્યું હતું.

## સમસ્ત વણકર સમાજ દ્વારા વીર મેઘમાયા નિર્વાણ તિથિ નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમ



ગાંધીનગર, તા.૭

સમસ્ત વણકર સમાજ ગાંધીનગર દ્વારા વીર મેઘમાયા નિર્વાણ તિથિ નિમિત્તે બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે પુષ્પાંજલિ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં સંસ્થાના પ્રમુખ એન.બી. વાઘેલા તેમજ ટ્રસ્ટી મગનભાઈ પરમાર, નરસિંહભાઈ પરમાર, ડૉ. એમ. પરમાર, સી.એમ. વર્મા, જયરામભાઈ સોલંકી, રમેશભાઈ સોલંકી તથા વણકર સમાજના તમામ મિત્રો હાજર રહ્યા હતા. વીર મેઘમાયાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ સમગ્ર સફળ કાર્યક્રમનું આયોજન મહામંત્રી મૃગેશકુમાર એમ. ગોહેલે કર્યું હતું.

## સરસ્વતી વિદ્યાલયમાં બાળકોને રસીનો બીજો ડોઝ અપાયો

સરસ્વતી વિદ્યાલયમાં વર્તમાન પરિસ્થિતિમાં કોવિડની મહામારીમાં સુરક્ષિત રહેવાના આશયથી ૧૫ થી ૧૮ વર્ષના બાળકોને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો હતો. જે વિદ્યાર્થીઓએ પ્રથમ ડોઝ લીધો હતો તેવા તમામ વિદ્યાર્થીઓને બીજો ડોઝ આપવામાં આવ્યો હતો. શાળાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલા, આચાર્ય હિતેન્દ્રસિંહ પરમાર, વહીવટી કાર્યકર્તા ભાવનાબેન પરમાર તેમજ સમગ્ર શૈક્ષણિક સ્ટાફ હાજર રહ્યો હતો.

## એસ.એસ.વી. શાળામાં રસીકરણના બીજા ડોઝનો કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા.૭

એસ.એસ.વી. શાળામાં વિદ્યાર્થીઓ માટે રસીકરણના બીજા ડોઝનો કાર્યક્રમ યોજાયો હતો. છેલ્લા ૨ વર્ષથી દુનિયાભરમાં વ્યાપેલ કોરોનાથી રક્ષણ મેળવવા રસીની શોધ થઈ ગઈ છે. ગયા વર્ષે ૧૮ની વર્ષની ઉપરના દરેક નાગરીકને સરકાર દ્વારા નિ:શુલ્ક રસી આપવામાં આવી હતી. ધોરણ -૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ, કે જેઓના માટે આવનાર વર્ષ બોર્ડની પરીક્ષા તેમજ અગત્યના કેરિયરના વર્ષ હોવાથી સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે જેથી ધોરણ ૯ થી ૧૨(૧૫ થી ૧૮વર્ષ)ના વિદ્યાર્થીઓને પોતાની શાળામાં જ રસી આપવાની કાર્યવાહી ચાલુ કરી દેવામાં આવી છે. જે ના અનુંસધાનના ભાગ રૂપે ગાંધીનગર ખાતે આવેલી એસ.એસ.વી શાળાના ધોરણ ૯ થી ૧૨ (૧૫ થી ૧૮)ના વર્ષના વિદ્યાર્થીઓને આજરોજ રસી આપવામાં આવી હતી.

## સાદરા વિદ્યાપીઠ સંકુલ દ્વારા લતાજીને શ્રધ્ધાંજલિ




ગાંધીનગર, તા.૭

સંકુલ સાદરાના સરદાર ઉપાસના મંદિરમાં સ્વર કોકિલા લતા મંગેશકરને ૨ મિનિટના મૌન સાથે તેમના રાષ્ટ્રભકિતનાં, ધર્મભકિતનાં, યુવા પ્રેરિત ગીતોની યાદ અપાવતા ગીતોની ઝાંખી સંકુલ સંયોજક રમેશભાઈ પટેલે કરાવી હતી. લતાજીના ગીત ગાઈ સ્વર કોકિલા લતાજીને શ્રધ્ધાંજલિ આપી હતી. આ કાર્યક્રમનું આભારદર્શન ડૉ.મોતીભાઈ દેવુએ કર્યું હતું.

## બળવંતરાય મહેતા ભવનના ચોથા માળે આવેલી હોસ્ટેલમાં બે યુવકો વચ્ચે મારામારી

ગાંધીનગર, તા.૭


શહેરના સેકટર-૧૭ બળવંતરાય મહેતા ભવનના ચોથા માળે આવેલી વિધ્યાદીપ હોસ્ટેલ ખાતે બે યુવકો વચ્ચે સામાન્ય બાબતે મારામારી થઈ હતી. વારંવાર અમારા રૂમમાં કામ વિના કેમ આવે છે, અમારે વાંચનમાં તકલીફ પડે છે. તેમ કહી યુવકને બરોડના ભાગે લાકડાની પટ્ટી મારતા ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયો હતો. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૭ બળવંતરાય મહેતા ભવન ખાતે ચોથા મજલે આવેલ વિધ્યાદિપ હોસ્ટેલના રૂમ નં.૨૯ માં નર્મદા જિલ્લાના નાંદોદ ગામના ૨૧ વર્ષિય વનરાજ જેઠાભાઈ વસાવા પોતાના મિત્રો સાથે છેલ્લા પાંચ માસથી રહીને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરે છે. ત્યારે ગત તા.૧ ફેબુઆરીના રોજ બે વાગ્યાના અરસામાં હોસ્ટેલ ખાતે મારી સામેના રૂમમાં રહેતા મિત્ર ભવદિપની પાસે વાંચન માટે રૂમનો દરવાજો ખખડાવ્યો હતો. જેથી તે રૂમમાં રહેતા સુરપાલે દરવાજો ખોલ્યો હતો. તે સમયે હું અંદર જતા સુરપાલે વનરાજને કહ્યું હતું કે વારંવાર કામ વગર કેમ અમારી રૂમમાં આવે છે, અમને વાંચનમાં ખલેલ પહોંચે છે. જેથી ફરીયાદીએ હું કામથી આવ્યો છુ તેમ કહેતા સુરપાલે યુવક સાથે ગાળાગાળી કરી જાતિ વિષયક અપશબ્દો બોલી ઝપાઝપી કરી લાકડાની પટ્ટી શરીરની ડાબી બાજુના ભાગે બરોડમાં મારી ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ યુવકને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ ખસેડાયો હતો.

બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

## સચિવાલય આંતર વિભાગીય ટેબલ ટેનિસ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૭



ગુજરાતનું પાટનગર ગાંધીનગર ભલે સરકારી કર્મચારીનગરની ઓળખ ધરાવતી હોય પરંતુ કર્મચારીઓ માત્ર ફાઈલોમાં વ્યસ્ત રહેવાને બદલે સ્પોર્ટ્સ ક્ષેત્રે પણ પોતાની પ્રતિભા ઝળકાવી રહ્યાં છે. ગાંધીનગરમાં ગત તા.૫મી ફેબ્રુઆરીએ યોજાયેલી સચિવાલય આંતર વિભાગીય ટેબલ ટેનિસ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં મહિલા ખેલાડી વર્ગમાં વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના અમી રાવલ અને પુરુષ ખેલાડી વર્ગમાં વન પર્યાવરણ વિભાગના ડેપ્યુટી સેક્રેટરી વિપુલ વસાવા વિજેતા બન્યા હતા.

## શહેરમાં આત્મહત્યા નિવારણ કેન્દ્રની શરૂઆત

ગાંધીનગર, તા.૭

મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થાના પ્રમુખ ડૉ. ગુલાબચંદ પટેલ દ્વારા છેલ્લા બાર વર્ષથી વ્યસન મુકિત કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. તેમણે ૩૫૦થી વધુ વ્યસનમુકિત કાર્યક્રમો સ્કૂલ કોલેજોમાં યોજયા છે અને વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવાનું સુંદર કાર્ય તેઓ કરી રહ્યા છે. તેઓ વિદ્યાર્થીઓ માટે બીજો એક પ્રોજેકટ લઈ આવ્યા છે. હાલના સંજોગોમાં વિદ્યાર્થીઓ-યુવાઓમાં આત્મહત્યાનું પ્રમાણ વધુ જોવા મળે છે. ગુજરાતમાં ૧૫ થી ૨૯ વર્ષના યુવાનો સૌથી વધુ આત્મહત્યા કરે છે. નેશનલ ક્રાઈમ બ્યૂરોના રેકર્ડ મુજબ પરીક્ષામાં નાપાસ થવાથી ૨૦૧૩માં ૧૧૭ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હતી. ગુજરાતમાં ૧૫થી ૨૯ વર્ષના કુલ ૭૧૬૬ યુવાઓએ આત્મહત્યા કરી છે. જેમાં આત્મહત્યાનું કારણ પરીક્ષામાં નાપાસ થવાથી અથવા પરીક્ષામાં નાપાસ થવાની બીકે આત્મહત્યા કરે છે. યુવાઓની માનસિક પરિસ્થિતિ ભાગ ભજવતી હોય છે. વિશ્વમાં દર ૪૦ સેકન્ડમાં આત્મહત્યાથી એક વ્યકિત મૃત્યુ પામે છે. વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ વિશ્વમાં ૨૦૧૩થી ૧૦ સપ્ટેમ્બરના રોજ ઉજવવામાં આવે છે. દર વર્ષે ૮ લાખ જેટલા મોત આપઘાતથી થાય છે.૧૫થી ૨૪ વર્ષના યુવાન આપઘાત કરવામાં પ્રથમ ક્રમે છે. મહાત્મા ગાંધી આત્મહત્યા નિવારણ કેન્દ્રનો પ્રારંભ શહેરમાં થયો છે. જેનો સંપર્ક નંબર ૮૮૪૯૭ ૯૪૩૭૭ છે. આપને કે આપના કોઈ મિત્ર અથવા સગા સંબંધીને આત્મહત્યાના વિચારો આવતા હોય તો આપ સહાયતા મેળવી શકો છે.

## બાર કાઉન્સિલના મેમ્બર શંકરસિંહ ગોહિલનું ખિચડી વિતરણ



ગાંધીનગર, તા.૭

ભારતીય સંસ્કૃતિમાં દાન પુણ્યનો મહિમા અનાદિ કાળથી ચાલ્યો આવે છે અને તેમાં પણ વ્યક્તિના મરણ પછી તેના સગાવ્હાલાંઓ દ્વારા મરણોત્તર કરવામાં આવતું દાન દિવંગત આત્માને પંહોચે છે તેવી માન્યતા પ્રવર્તે છે. ગાંધીનગરના જાણીતા એડવોકેટ અને ગુજરાત બાર કાઉન્સિલના મેમ્બર શંકરસિંહ એસ ગોહિલ દ્વારા તેમના દિવંગત માતૃશ્રી સ્વ. આનંદીબા શંકરસિંહ ગોહિલની ત્રીજી વાર્ષિક પુણ્યતિથી નિમિતે શહેરની ઝુંપડપટ્ટીમાં રહેતા જરૂરીયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોને સ્વાદિષ્ટ ખીચડી નો ભોજન પ્રસાદ અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે એડવોકેટ પ્રતિક સિંહ એસ ગોહિલ અને એડવોકેટ ગાયત્રીબા પ્રતિકસિંહ ગોહિલ.તેમજ સાથી મિત્રો સંજયસિંહ વાઘેલા, અશિતભાઈ ભટ્ટ, યુવરાજસિંહ વાઘેલા, પ્રકાશ નાયી, જતીનભાઈ ખખ્ખર વગેરે જોડાયાં હતા અને ખિચડી વિતરણ સાથે સ્વર્ગસ્થના આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના પણ કરી હતી.

## લીગલ એઈડ એડવોકેટસ માટે વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૭

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ નવી દિલ્હીના એક્ઝીક્યુટિવ ચેરમેન અને સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાના ન્યાયમૂર્તિ યુ.યુ. લલિતના માર્ગદર્શન તથા દિશા સૂચન હેઠળ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા મફત અને સક્ષમ રીતે વિવિધ કાનૂની સેવાઓ પૂરી પાડવામાં આવે છે જે પૈકી પક્ષકારોને અદાલતમાં કેસ દાખલ કરવા માટે અથવા તો તેઓ પર કેસ થયેલ હોય અને બચાવ માટે જરૂર હોય તો કાનૂની સેવા સત્તામંડળ અધિનિયમની કલમ-૧૨ હેઠળ આવતા તમામ વ્યક્તિઓને મફત લીગલ એઈડ એડવોકટની સેવાઓ પણ પૂરી પાડવામાં આવે છે. આ માટે તમામ કાનૂની સેવા સત્તામંડળ તથા કાનૂની સેવા સમિતિ અને આવા લીગલ એડવોકેટસની પેનલ નિભાવતી હોય છે અને આ પેનલ એડવોકેટની કાર્યક્ષમતામાં વધારો થાય તે હેતુથી અવારનવાર તાલીમ કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. હાલમાં કોવિડ કેસોનો વધુ પ્રમાણમાં ફેલાવો થયેલ હોઈ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ અને સમિતિઓ સાથે જોડાયેલા લીગલ એઈડ એડવોકેટો માટે ઓનલાઈન વેબિનારનું ૫ મીએ આયોજન કર્યુ હતુ. આ વેબિનારમાં સમગ્ર રાજ્યમાંથી ૧૬૫ પેનલ એડવોકેટ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. વેબિનારમાં ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તેમજ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સસ્તામંડળના પેટ્રન ઈન ચીફ અરવિંદકુમાર તથા હાઈકોર્ટના ન્યાયમૂર્તિ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના એકઝીક્યુટિવ ચેરમેન આર.એમ. છાયા ઉપસ્થિત રહ્યા હતા. આ વેબિનારમાં બંને ન્યાયમૂર્તિઓ દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. તેમજ ગુજરાત હાઈકોર્ટના સિનિયર ધારાશાસ્ત્રી જે.એમ. પંચાલ દ્વારા સેશન્સ ટ્રાયલ ચલાવતી વખતે ધ્યાનમાં રાખવા જરૂરી હોય તેવી બારીકાઈઓ વિશે વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. તેમણે વેબિનારમાં રિસોર્સ પર્સન તરીકે સેવા આપી હતી. જેમની સેવાનો ન્યાયમૂર્તિઓ દ્વારા બિરદાવવામાં આવી હતી તેમ સચિવ, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગરની યાદી દ્વારા જણાવવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. પંડયા નિર્મળાબેન ભાનુશંકર**, ઉ.વ. ૮૮, સેકટર-૩
- **સ્વ. યાદવ રણસિંહ કુંજલાલ**, ઉ.વ. ૮૯, ખોરજ
- **સ્વ. પટેલ બળદેવભાઈ કાશીરામ**, ઉ.વ. ૮૫, સેકટર-૮
- **સ્વ. અનુરંજન કુલદીપપ્રસાદ**, ઉ.વ. ૮૨, સેકટર-૨૩
- **સ્વ. શર્મા સંજય**, ઉ.વ. ૬૧, સેકટર-૨
- **સ્વ. પરમાર વસંતીબેન ખોડીદાસ**, ઉ.વ. ૫૧, સેકટર-૧૨

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ. પટેલ નારાયણભાઈ ભોળાભાઈ**, ઉ.વ. ૮૦, રાયસણ